અરજી પહોંચ

મેલ્કતનું વર્ણન બ્લોક નંબર 162

Search in : બગુમરા/BAGHUMRA

પહોંચ નંબર: ૨૦૧૭૧૨૦૦૨૮૬૯૬ અરજી નંબર: ૧૪૨૧૧ અરજી વર્ષ: ૨૦૧૭

તા: ૨૦ માહે: સપ્ટેમ્બર સને: ૨૦૧૭

રજુ કરનારનું નામ **મુકેશ એન કપુરીયા**

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો | ૦ |
| શેરોની નકલ કરવા માટે ફી | |
| ટપાલ ખર્ચ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ ) | ૦ |
| શોધ અગર તપાસણી Year : ૧૯૯૭ ૨૦૧૭ | ૧૧૫ |
| દંડ કલમ-૨૫ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ ) | |
| નકલ ફી ફોલીયો | ૦ |
| ઈન્ડેક્ષ-૨ ફી | |
| આ સિવાયની બાબતોની ફી | |

| કુલ એકંદરે રૂ. | ૧૧૫ |
|---|---|

**અંકે રૂપીયા એકસો પંદર પુરા.**

દસ્તાવેજ / નકલ ના દિવસે તૈયાર થશે અને તે રજીસ્ટર ટપાલથી મોકલવામાં / કચેરીમાં આપવામાં આવશે.

દસ્તાવેજ રજીસ્ટર ટપાલથી નીચેના સરનામે મોકલશો.

( P M PRAJAPATI )
સબ રજીસ્ટ્રાર
પલસાણા

# Mukesh N. Kapuriya

**Advocate**

A-108/109, AADITYA COMPLEX, UTTRAN,SURAT


date : 21-09-2017

## <u>ટાઈટલ રીપોર્ટ</u>

**જત અમો એડવોકેટ શ્રી એમ.એન . કપુરીયા, ઠેકાણું. એ/૧૦૮–૧૦૯, આદિત્ય કોમ્પલેક્ષ, ઉત્રાણ,સુરત. તે આપ સાહેબ તરફથી મળેલ સુચના અન્વયે "ડ્રીમ વિલા એન્ટરપ્રાઈઝ" એક ભાગીદારી પેઢી ઠેકાણું બ્લોક નં.૧૬૨,બગુમરા, તા.પલસાણા, જી. સુરત વતી તેના ભાગીદારોની નીચે વર્ણવેલ વિગતવાળી મિલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપીએ છીએ.**

**––મીલકતની વિગત––**

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો પલસાણા ગામ–બગુમરાના, બ્લોક નં. ૧૬૨, રે.સ.નં. ૧૨૯ થી નોંધાયેલ રહેણાક ના હેતુ માટે બીનખેતી થયેલ જમીન, કે જેનું કુલ ક્ષેત્રફળ ૧૫,૨૫૧ ચો.મી. છે. જેનો આકાર રૂા.૧૮.૧૯ પૈસા વાળી બીનખેતી જમીન માં " **ડ્રીમ વિલા** " નુ આયોજન કરી પાડવામાં આવેલા પ્લોટો વાળી મિલકત અંગેનો ટાઈટલ રીપોર્ટ

સુરત જીલ્લાના પલસાણા તાલુકા ના મોજે ગામ : બગુમરા ના રેવન્યુ સર્વે નંબર : ૧૨૯ થી નોંધાયેલી ખેતીની જમીન શ્રી મગનલાલ રામભાઈ ના સ્વતંત્ર માલીકી, કબજા ભોગવટામાં ચાલી આવેલ. ત્યારબાદ તાઃ૦૮/૦૨/૧૯૫૫ ના જવાબ મુજબ ભાયુ ભાગના કારણે સદરહું જમીન તેઓના ભાઈ શ્રી કાન્તીલાલ મગનલાલના હિસ્સે આવેલ. જે અંગેની નોંધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નંઃ ૧૦૨ તાઃ ૧૦/૦૨/૧૯૫૫ થી પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ બગુમરા ગામમાં એકત્રીકરણ યોજના લાગુ પડતા રે.સર્વે નંઃ૧૨૯ વાળી જમીનને બ્લોક નંઃ૧૬૨ અપવામાં આવેલ અને ત્યારથી સદરહું જમીનમાં રાઈટ્સ ઓફ રેકર્ડસ દફતરે બ્લોક નંઃ૧૬૨ ચાલ્યો આવેલ છે. જે અંગેની નોંધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નંઃ ૧૧૮૮ થી તાઃ ૧૨/૦૩/૧૯૭૪ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન શ્રી કાન્તીલાલ મગનલાલના નામે ચાલી આવેલ તેઓએ કરેલ વહેંચણ કરાર આધારે સદરહું જમીન તેઓના પુત્ર શ્રી અશ્વિનકુમાર કાંતીલાલના હિસ્સે આવેલ. તેઓનું નામ કમી કરી શ્રી અશ્વિનકુમાર કાંતીલાલ નામે દાખલ કરવા તેમણે કરેલ કરાર, પેઢીનામું તથા પક્ષકારોના જવાબના આધારે

નોંધ કરેલ. જે અંગેની નોંધ ગ્રામ પંચાયત દફતરે એન્ટ્રી નં:૧૯૧૩ થી તા:૨૨/૦૯/૧૯૮૨ ના રોજ પાડવામાં આવેલ. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન શ્રી અશ્વિનકુમાર કાંતીલાલ ના નામે ચાલી આવેલ તેઓ પાસેથી સદરહું જમીન (૧) શ્રી ભરતભાઈ રમણભાઈ પટેલ (૨) શ્રી સન્મુખભાઈ રમણભાઈ પટેલ નાએ રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ.જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મે.પલસાણા સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નં: ૩૯૨૫ થી તા: ૨૫/૧૦/૨૦૧૧ નાં રોજથી નોંધાયેલ છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં:૪૮૮૮ થી તા:૨૫/૧૦/૨૦૧૧ ના રોજ પાડવામાં આવેલ.જે નોંધ તા.૧૦/૨/૨૦૧૨ નારોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ તેઓએ સદરહું જમીન અંગે ખેતીમાંથી રહેણાંકના હેતુ માટે બિનખેતી માં ફેરવવા મે.જીલ્લા વિકાસ અધિકારી શ્રી સુરતનાં સમક્ષ અરજી કરતાં તેમજ નગરનિયોજકના પત્ર નં.બી.પી./બગુમરા/પલસાણા/ સુરત/૯૭૭–૯૭૮ તા.૨૪/૦૩/૧૫ નારોજથી પ્લાનપાસ થયેલ જે અનુંસધાનમાં મે.જીલ્લા વિકાસ અધિકારીશ્રી ના હુકમ નં: ૪/ડી.પી./એન.એ./રજી. નં:૧૨૨૯/૧૫, તા: ૨૦/૦૪/૨૦૧૫ નારોજ બિનખેતીની પરવાનગી આપેલ.જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૫૫૩૪ થી તા: ૨૫/૦૫/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ.જે નોંધ તા.૧૮/૭/૨૦૧૫ નારોજ પ્રમાણીત કરવામાં આવેલ.

ત્યારબાદ સદરહું જમીન (૧) શ્રી ભરતભાઈ રમણભાઈ પટેલ (૨) શ્રી સન્મુખભાઈ રમણભાઈ પટેલ ના નામે ચાલી આવેલ. જેઓ પૈકી શ્રી ભરતભાઈ રમણભાઈ પટેલ તા: ૧૦/૦૯/૨૦૧૫ ના રોજ ગુજરી જવાથી તેઓનુ નામ કમી કરી તેઓના સીધીલીટીના વારસદારો તરીકે (૧) લતાબેન ભરતભાઈ (૨) નેહાબેન ભરતભાઈ (૩) શ્રી રાકેશકુમાર ભરતભાઈના નામો દાખલ કરવા આવેલ અરજી ,મરણનો દાખલો,પેઢીનામું,પંચક્યાસ તથા સોગંદનામાં આધારે દાખલ કરેલ. .જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં: ૫૬૯૧ થી તા: ૦૯/૧૦/૨૦૧૫ ના રોજ પાડવામાં આવેલ.જે નોંધ તા.૧૧/૧૨/૧૫ નારોજ પ્રમાણીત કરવામાં આવેલ.

આમ સદરહું જમીનના માલીક તરીકે (૧) શ્રી સન્મુખભાઈ રમણભાઈ પટેલ (૨) લતાબેન ભરતભાઈ પટેલ (૩) નેહાબેન ભરતભાઈ પટેલ (૪) રાકેશકુમાર ભરતભાઈ પટેલ ના નામે ચાલી આવેલ તેઓ પાસેથી સદરહું જમીન **ડ્રીમ વિલા એન્ટરપ્રાઈઝ** એક ભાગીદારી પેઢી એ રજી. વેચાણ દસ્તાવેજ થી ખરીદ કરેલ. જે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ મે.પલસાણા સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રી ની કચેરીમાં અનુક્રમ નં:૮૬૪૦ થી તા:૧૨/૦૭/૨૦૧૬ નાં રોજથી નોંધાયેલ છે. જે અંગેની નોંધ મામલતદાર દફતરે એન્ટ્રી નં:૬૦૬૭ થી તા:૨૭/૦૭/૨૦૧૬ના રોજ પાડવામાં આવેલ.જે નોંધ તા. ૧૨/૦૯/૨૦૧૬

પ્રમાણીત કરવામાં આવેલ. અને ત્યારથી " **ડ્રીમ વિલા એન્ટરપ્રાઈઝ** " ભાગીદારી પેઢીના ભાગીદારો માલિક, કબજેદાર, એક ભાગીદારી પેઢી સ્વતંત્ર માલિક, મુખત્યાર થયેલ છે. સદર પરવાનગીઓને આધીન **ડ્રીમ વિલા એન્ટરપ્રાઈઝ** એક ભાગીદારી પેઢીના ભાગીદારો એ સદરહું રહેણાંકના હેતુ માટે બીનખેતી થયેલ જમીનમાં " **ડ્રીમ વિલા** " નામ આપી ખુલ્લા પ્લોટો નું આયોજન કરેલ છે.

ત્યારબાદ સહરહું જમીન માં જીલ્લા નિરીક્ષક જમીન દફતર સુરતના હુકમ ક્રમાંકઃ કે.જે.પી.એસ.આર./૧૦૨/૧૬–૧૭ તા.૧૦/૧૦/૨૦૧૬ મુજબ ગામે દુરસ્તી પત્રક નંબર–૪૯ આવતા નીચે મુજબ નોંધ કરી. બ્લોક નં. ૧૬૨ ક્ષે.હે. ૧–૫૨–૨૧ ચો.મી., આકાર ૧૮.૧૯ પૈસા દુરસ્તી જેની જીલ્લા નિરીક્ષક જમીન દફતરના દુરસ્તી પત્રક નં.–૪૯ માં જણાવ્યા મુજબ અરજદારશ્રી ની અરજી ના આધારે દુ.પ.૪૯ થી કરેલ બ્લોકની દુરસ્તીની નોંધ કરી. અલગ અલગ પ્લોટની ૭/૧૨ પાનીયા જુદા પાડવામાં આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામના નમુના નં. ૬ હકકપત્રકમાં નોંધ નં. ૬૨૭૬ થી તા.૨૭/૧૦/૨૦૧૬ ના રોજ નોંધ કરવામાં આવેલ છે. જે નોંધ તા. ૧૩/૧૨/૨૦૧૬ ના રોજ મંજુર થયેલ છે.

જેથી હવેથી સદર જમીનમાં આવેલ "ડ્રીમ વિલા" નામની સોસાયટીમાં આવેલ પ્લોટો ના માલીક મે. ડ્રીમ વિલા એન્ટરપ્રાઈઝ એક ભાગીદારી પેઢી સ્વતંત્ર માલિક, મુખત્યાર થયેલ છે. તેમજ તેમની સદરહું મીલકતના ટાઈટલ ચોખ્ખા, માર્કેટેબલ અને તારણને પાત્ર છે.

ઉપરોકત મીલકત અંગે મે. નીચેના દસ્તાવેજી પુરાવાઓ ચકાચેલા છે.

૧ વેચાણ દસ્તાવેજ નં.૮૬૪૦ તા. ૧૨/૦૭/૨૦૧૬ ની નકલ

૨. બીનખેતીનો હુકમ ક્રમાંક નં.:૪/ડી.પી./એન.એ./૨જી.નં.૧૨૨૯/૧૫ તા.૨૦/૪/૨૦૧૫ સુરતનાની નકલ

૩.. પ્લાનપાસ નગર નિયોજક પત્ર નં.બી.પી./ બગુમરા/પલસાણા/ સુરત/૯૭૭–૯૭૮ તા.૨૪/૩/૧૫ ની નકલ.

૪.. ૭/૧૨ તથા ગામ નમુના નં.૬ મોજે ગામ બગુમરા ની નકલ

૫.. લે આઉટ પ્લાનની નકલ

૬.. છેલ્લા ૩૦ વર્ષનું કરાવેલ સર્ચની રસીદ નં. ૨૦૧૭૧૨૦૦૦૨૮૬૯૬ તા.૨૦/૦૯/૨૦૧૭ ની અસલ નકલ

Mukesh N. Kapuriya

Advocate(G-827/2009)

MUKESH N. KAPURIYA SURAT G-827/2009 ADVOCATE